**DATE: 25/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# અંકલેશ્વરના મકાનમાં ઘાપ મારનાર 4 ચોર પકડાયા

ભરૂચ: અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલી પ્રકટ રેસીડેન્સીના મકાન નંબર-૧૦માંથી તસ્કરો સોનાના ઘરેણા અને રોકડા ૫ હજાર તેમજ એક મોબાઈલ ફોન મળી કુલ ૭૭ હજારથી વધુના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. જેની તપાસ એલસીબી પોલીસ મથકના પી.એસ.આઈ.એન.જી.પાંચાણીને સોંપાતા મોબાઈલ પોકેટ કોપના આધારે મૂળ દાહોદના અને હાલ રામદેવ ચોકડી સ્થિત નહેર પાસે રહેતો અવિનાશ જાલુંભાઇ બારીયાને ઝડપી પાડ્યો હતો. જેની પુછપરછ કરતા અન્ય ત્રણ ઈસમો સંડોવાયેલા હોવાની કબુલાત કરતા પોલીસે સિલ્વર પ્લાઝા ઝૂંપડપટ્ટી પાસે રહેતો વિક્કી રમેશ હઠીલા, અર્જુન ઉર્ફે અજજુ શંકર પલાસ તથા રાહુલ રત્ના ભાભોરને ઝડપી પાડી તેઓ પાસેથી ત્રણ મોબાઈલ ફોન મળી કુલ ૨૩ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 25/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–05**

# અનૈતિક સંબંધમાં યુવાને જીવ ગુમાવ્યો

# અંકલેશ્વર સોમેશ્વર સોસા.રોડ પર થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો

| અંકલેશ્વર |

અંકલેશ્વર ના સારંગપુર પાસે ની સોમેશ્વર સોસાયટી રોડ પર ૨૯ વર્ષીય યુવાન ની થયેલ હત્યાનો ભેદ ગણતરી ના કલાકો માં જીઆઈડીસી પોલીસે ઉકેલી કાઢી હત્યા કરનાર મિત્ર છોટુ મંડલ અને તેને મદદગારી કરનાર શખ્સ ને ઝડપી પાડ્યા હતો. પોલીસે હત્યા માં વપરાયેલ દેશી તમંચો કબ્જે કર્યો હતો મૃતક યુવક ના મિત્ર ની પત્ની સાથે આડા સંબંધ માં મિત્રે યુવકના માથા ના ભાગે ગોળી મારી હત્યા કરી હતી.

અંકલેશ્વર તાલુકાના સારંગપુર ગામ પાસે આવેલ મારુતીધામ ૨માં રહેતા ૨૯ વર્ષીય મિથુન મહેશ મંડલ ગત તા ૨૨ મી જુલાઈના રોજ પોતાના ભાઈ ચંદન સાથે સોસાયટી પાસે ભેગા થયા હતા. તે દરમ્યાન મીથુનના મિત્ર છોટુ મંડલનો ફોન આવ્યો હતો અને મળવા માટે બોલાવતા મિથુન મંડલ ગયો હતો. મિથુન રાત્રી દરમિયાન પરત ફર્યો નહોતો સવારે પરિવાર એ શોધખોળ શરૂ કરતાતેનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકના ભાઈની ફરિયાદ આધારે શકમંદ આરોપી છોટુ મંડલની પત્ની સાથે મિથુન મંડલ ના આડા સંબંધ હોય તે અંતર્ગત છોટુ મંડલે તીક્ષ્ણ હથિયાર વડે તેની હત્યા કરી હોવાનો ગુન્હો નોંધી તપાસ શરુ કરી હતી.

પોલીસે શકમંદ છોટુ મંડલ ને શોધવા જતા તેનું ઘર બંધ હોવાની સાથે તે પણ ગાયબ થઈ ગયો હતો. તે બિહાર ભાગી ગયો હોવાની શંકાના આધારે રેલ્વે પોલીસની મદદ લેતાં જલગાવ રેલ્વે સ્ટેશન પર રેલ્વે પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. છોટુ મંડલે હત્યાને અંજામ આપવા જે દેશી તમંચો વપરાયો હતો તે અંગેની સઘન પૂછપરછ કરતા તેના અંકલેશ્વર ના મિત્ર વિશાલ અવધેશ મંડલ પાસે થી ૧૦ હજાર રૂપિયામાં ખરીદ્યો હોવાની કબૂલાત કરી હતી. જીઆઈડીસી પોલીસે દેશી તમંચો કબ્જે કરી તમંચો આપનાર મૂળ બિહાર ના અને હાલ મારુતધામ સોસાયટીમાં રહેતા વિશાલ મંડલની પણ ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## પોલીસે છોટુ મંડલ અને તમંચો આપનારને ઝડપી પાડ્યાં

**DATE: 25/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# પાણેથા ગામેથી રૂા. ૮૨ હજારની કિંમતનો વિદેશી દારુ ઝડપાયો

ઝઘડિયા તાલુકાના ઉમલ્લા પોલીસ મથકની હદમાં આવેલ પાણેથા ગામેથી ભરૂચ એલસીબીની ટીમે ગતરોજ ભારતીય બનાવટના વિદેશી દારુની નાનીમોટી બોટલો તેમજ બીયર ટીન મળીને કુલ રુ.૮૨૭૦૦ નો મુદ્દામાલ ઝડપીને આ ગુના અંતર્ગત પાણેથાના અજય ખોડા વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો. ઉમલ્લા ગામે ગતરોજ જુના પીએસઆઈની વિદાય બાદ નવા આવેલ પીએસઆઈએ આજરોજ ચાર્જ લીધો છે, ત્યારે આ નવા આવેલ અધિકારી હજુ આ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ ના હોય તે સ્વાભાવિક ગણાય. આ દારુ ઝડપાવાની ઘટના બની છે તે જોતા ફલિત થાય છે કે આ પંથકમાં લાંબા સમયથી વિદેશી દારુનો વેપલો થઈ રહ્યો છે.

**DATE: 25/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

### રાજપારડી પંથકમાં સુરક્ષા સેતુરથનું આગમન

# રાજપારડી પંથકનાં સાત ગામોમાં ગુનાખોરીથી બચવા સમજ અપાઈ

## સુરક્ષા સેતુ રથ દ્વારા ઓનલાઈન ચીટિંગથી બચવા લોકોને જાગૃત કર્યા

। રાજપારડી ।

ભરૂચ જીલ્લાના ઝઘડીયા તાલુકાના રાજપારડી પંથકમાં સુરક્ષા સેતુ રથનુ આગમન થતા લોકો દ્વારા આવકાર આપી સ્વાગત કરવામાં આવ્યુ હતુ. સુરક્ષા સેતુ રથ ભરૂચ જીલ્લામાં સમાવિષ્ટ તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા જાહેર સ્થળો, શાળાઓમાં ફરીને લોકોને પોતાની સુરક્ષા અંગે જાગૃત કરશે

સુરક્ષા સેતુ રથની સાથે રાજપારડી પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ.જી.આઈ.રાઠોડે જોડાઈને રાજપારડી, અવિધા, જુનાપોરા, માલજીપુરા વિગેરે ગામોમાં પહોચી લોકોને જણાવ્યું હતુ કે ઓનલાઈન ચેટીંગ દરમિયાન યુવતીઓએ પોતાનો ચેહરો દર્શાવવો નહિ, અજાણી વ્યકિત દ્વારા ઠંડા પીણા, બિસ્કીટ લેવાનુ ટાળવુ જોઈએ, લોભામણા ઈમેલ કે એસ.એમ. એસ.નો કોઈ રિપ્લાય આપવો નહિ, મોબાઈલ ફોન પર લીંક દ્વારા રૂપિયા જમાં થયા તેવા મેસેજો પર ધ્યાન આપવુ નહિ, ઓનલાઈન સાઈટ પરથી જુની પુરાણી વસ્તુઓ પાકા બીલ વગર ખરીદવી નહિ, એ.ટી. એમ.કાર્ડ તેમજ ઓનલાઈન બેંકિંગના પાસવર્ડ સાર્વજનિક કરવા નહિ, વાહનોના અકસ્માત નિવારવા વાહન હંમેશા ગતિ મર્યાદામાં હંકારવુ જોઈ એ, ફોર વ્હિલ કારમાં હંમેશા સીટ બેલ્ટ બાંધવો જોઈએ, બાઈક મોપેડ પર હંમેશા હેલ્મેટ પેહરી બહાર જવુ જોઈએ, રાત્રી દરમિયાન મુસાફરી કરતી વખતે આપણે હંકારતા વાહનની ડીમ લાઈટનો ઉપયોગ કરવો જોઈએ જરુર જણાય ત્યારેજ ફુલ લાઈટનો ઉપયોગ કરવો, પ્રવાસ દરમિયાન અજાણી વ્યકિતઓ સાથે વાતચીત દરમિયાન સાવધ રહેવુ જોઈએ જેવી લોકોની સુરક્ષાને લગતી માહિતી સુરક્ષા સેતુ રથમાં બેસાડેલ એલ.ઈ.ડી.સ્કિનના માધ્યમથી પોલીસ દ્વારા લોકોને આપી હતી.

**DATE: 25/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### નિયમ ભંગ બદલ વાહન ચાલકોને દંડ ફટકાર્યો

# અંકલેશ્વરમાં પોલીસે વાહન ચેકિંગ અભિયાન હાથ ધર્યું




ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જિલ્લા ટ્રાફિક દ્વારા વાહન ચેકિંગ અભિયાન હાથ ધર્યું હતું. ગાડી પર ફિલ્મ તેમજ રેડિયમ લખાણ સહીત આર.ટી.ઓ ના નિયમ ભંગ બદલ વાહન ચાલકોને દંડ ફટકાર્યો હતો.

જિલ્લા ટ્રાફિક પોલીસ ના અંકલેશ્વર ડિવિઝન દ્વારા રવિવારના રોજ પુનઃ એકવાર ટ્રાફિક અભિયાન હેઠળ ટ્રાફિક ડ્રાઈવ યોજી હતી. પી.એસ. આઈ જે પી ચૌહાણ અંકલેશ્વર ના ચૌટા નાકા વિસ્તારમાં ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત કાર પર લગાવેલી બ્લેક ફિલ્મ તેમજ લખાણ દૂર કર્યા હતા આ ઉપરાંત પોલીસ બાઈક ચાલક સહીત વાહન ચાલકો ને આર.ટી.ઓ નિયમ બદલ દંડ ફટકાર્યો હતો. આ ઉપરાંત પોલીસ દ્વારા પ્રતિન ચોકડી ઉપરાંત અન્ય પોઈન્ટ ઉપર પણ વાહન ચેકિંગ હાથ ધર્યું હતું.

**DATE: 25/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### 10 હજાર રોકડા મળી 40 હજારનો મુદ્દામાલ જપ્ત

# ભઠિયારવાડ કમેલાની પાછળ જુગાર રમતાં 6 ખેલી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના ભઠિયારવાડ પાસે કમેલાની પાછળ જાહેરમાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પડ્યો હતો. જુગાર રમતાં 6 જણાને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી રોકડા રૂપિયા 10 હજાર તેમજ 5 મોબાઈલ મળી કુલ 40 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તમામ જુગારિયાઓ વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ બી ડિવિઝન પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, કેટલાંક શખ્સોએ શહેરના ભઠિયારવાડ વિસ્તારમાં આવેલાં કમેલાની પાછળ રાત્રીના સમયે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે બી ડિવિઝન પોલીસના કાફલાએ સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ પડતા જુગારિયાઓમાં દોડધામ મચી હતી. જોકે, તમામને પોલીસે દબોચી લીધાં હતાં. પોલીસે જુગાર રમતાં શમસુદીન ઈદ્રિસ જીન્નાત શેખ, સાબીર રહેમાન જમાલ શેખ, મઈદુલ રફીક બેલાતઅલી શેખ, નુરઆલમ ઉર્ફે આલમ મહાઆલમ હારેજ શેખ, મોફીઝુલ મુસા ઈલ્યાસ શેખ તેમજ અસલમ મુસ્દીન મજબુત શેખનેની ધરપકડ કરી હતી. પોલીસે જુગારિયાઓની અંગઝડતીમાંથી તેમજ દાવ પર લાગેલાં રૂપિયા મળી 10 હજારથી વધુની રોકડ સહિત જુગારિયાઓ પાસેથી મળી આવેલાં 5 મોબાઈલ સહિક કુલ 40 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ટીમે બી ડિવિઝન પોલીસ મથકે તમામ જુગારિયાઓ વિરૂદ્ધ જુગારિયાઓ વિરૂદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 26/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# ટ્રકમાં લઈ જવાતા ૧૮ ભેંસને મુકત કરાવી એક શખ્સને નેત્રંગ પોલીસે ઝડપી પાડ્યો

ભરૂચ, નેત્રંગ: ફૂલવાડી ચોકડી પાસે ઉભેલી ટ્રક નંબર- જીજે ૩૮ ટી ૭૦૭૭માં પશુ ભરી ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં જઈ રહી છે. જેવી બાતમીના આધારે નેત્રંગ પોલીસે ટ્રકમાં તપાસ કરતા તેમાંથી ૧૮ ભેંસ મળી આવી હતી પોલીસે ૧.૮૦ લાખના પશુ અને ૫ લાખની ટ્રક મળી કુલ ૬.૮૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો, પોલીસે ભરૂચના શેરપુરા રોડ ઉપર આવેલા હમઝા પાર્કમાં રહેતો ટ્રક ચાલક ઈમ્તિયાઝ એહમદ મિયા બેલીમને ઝડપી પાડ્યો હતોા ઈસમને વોન્ટેડ જાહેર કર્યો છે.

**DATE: 26/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરમાં ઝુપડપટ્ટી અને મકાનમાંથી ૧૧ જુગારી ઝડપાયા

ભરૂચઃ અંકલેશ્વરના બાપુનગર બ્રિજ ઝૂંપડપટ્ટી ખાતેની ખુલ્લી જગ્યામાં તેમજ ભાટવાડ ગોયાબજારના રહેણાંક મકાનમાં ભરૂચ ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડા પાડી કુલ ૧૧ જુગારીને રોકડ રકમ અને વાહનો મળી કુલ ૬,૯૪,૧૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે મહોમ્મદ યુસુફ નવાબ, ભાવેશભાઈ બાબુભાઈ ઓડ, યોગેશ ઠાકોર ભાઈ સોલંકી (રહે, બાપુનગર ઝૂંપડપટ્ટી, અંકલેશ્વર), મહંમદ શાકિર હનીફ મુલ્લા, ગુલામ અહેમદ મહંમદ હનીફ મુલ્લા, મહંમદ સલીમ ગુલામ મુલ્લા (ત્રણે રહે, મુલ્લાવાડ, અંકલેશ્વર), જાવીદ હુસેન ગુલામ મુર્તુઝા કાપડિયા, જીતેન્દ્ર ઉર્ફે જીતુભાઈ નટવરભાઈ રાણા (બંને રહે. સાધના સ્કૂલ પાસે, ભરૂચ), ફિરોજ આમિર ભાઈ શેખ (રહે, રોટરી કલબ પાછળ, મારવાડી ટેકરો, ભરૂચ), ઈમ્તિયાઝ હમીદખાન પઠાણ (રહે, કસ્બાતીવાડ, અંકલેશ્વર), જાફર હુસેન પીર સૈયદ (રહે, ટાંકી ફળિયું, અંકલેશ્વર)ની ધરપકડ કરી છે.

**DATE: 26/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

### DYSP ચિરાગ દેસાઈ અને પીઆઈ ઉપસ્થિત રહ્યાં

# ખરોડની પબ્લિક સ્કૂલમાં પોલીસ ઈ FIR અંગે સેમિનાર યોજાયો

। અંકલેશ્વર ।

અંકલેશ્વરના ખરોડ ગામની પબ્લિક સ્કૂલ ખાતે રૂરલ પોલીસ દ્વારા ઈ એફઆઈઆર અંગેની માહિતી પુરી પાડવા માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત સ્કૂલના વિદ્યાર્થીઓ અને આસપાસના ગામોના આગેવાનોને ડીવાયએસપી ચિરાગ દેસાઈ અને પોલીસ ઈન્સ્પેકટર વી.કે ભૂતિયા દ્વારા ઈ એફઆઈઆર અંગે વિસ્તુત માહિતી આપી હતી

નાગરિકો ને ઈ એફઆઈઆર અંગે વિસ્તુત માહિતી મળી રહે તે હેતુસર પોલીસ વિભાગ દ્વારા સેમિનાર નું આયોજન કર્યું છે. ત્યારે અંકલેશ્વર રૂરલ પોલીસ દ્વારા અંકલેશ્વર તાલુકા ના ખરોડ ગામની પબ્લિક સ્કૂલ ખાતે ઈ એફઆઈઆર અંગે ની જાણકારી માટે અંકલેશ્વર ના ડીવાયએસપી ચિરાગ દેસાઈની અધ્યક્ષતા હેઠળ એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રૂરલ પોલીસ મથકના પી આઈ વી કે ભૂતિયા સહીત પોલીસ



કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનાર માં સ્કૂલ ના વિદ્યાર્થીઓ ,બીએડ કોલેજ ની વિદ્યાર્થીનીઓ અને આસપાસ ના ગામો ના સરપંચો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા પોલીસ દ્વારા ઈ એફઆઈઆર ઓનલાઈન થકી વાહન ચોરી કે મોબાઈલ ચોરી અંગે ઘરે બેઠા ઓનલાઈન ફરિયાદ નોંધાવી શકશે.

એફઆઈઆર નોંધાયાના ૪૮ કલાકમાં પોલીસ ફરિયાદીનો સામેથી સંપર્ક કરશે અને વાહન ચોરી/મોબાઈલ ફોન ચોરીના બનાવની જગ્યાની મુલાકાત લેશે. ૨૧ દિવસની અંદર જ તપાસ પૂર્ણ કરી કોર્ટમાં રિપોર્ટ મોકલશે.

# મુન્શી વિદ્યાધામ ખાતે ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરાયું



। ભરૂચ ।

ભરૂચ મુન્શી મનુબરવાલા મેમોરિયલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વાય.યુ.મેમોરિયલ હાઈસ્કુલ સામાન્ય પ્રવાહ, અલીફ ઈંગ્લીશ મિડીયમ સ્કુલ, હાજી અહમદ કહાનવાલા આઈટીઆઈમાં ભરૂચ જિલ્લા પોલીસવડા ડૉ. લીના પટેલ તેમજ ટ્રાફીક નિયમન શાખા ભરૂચ દ્વારા ટ્રાફીક અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ભરૂચના પીએસઆઈ પી.આર.ગઢવી હાજર રહ્યા હતા. જેમનું શાબ્દિક સ્વાગત અને પુષ્પગુચ્છથી સ્વાગત મન્સુરીભાઈએ કર્યુ હતુ. પી. આર.ગઢવીએ પોતાના વકતવ્યમાં ૧૮ વર્ષથી નાના બાળકોને બાઈક ન ચલાવવા આહવાન કર્યુ હતુ અને જણાવ્યુ હતુ કે, જો તમે મોટા થઈને વાહન ચલાવો તો હેલ્મેટ ફરજીયાત પહેરવો જોઈએ તેમજ તમારી શાળા હાઈવે પર છે જેથી કરીને બહુજ કાળજી રાખવી જરૂરી છે.

**DATE: 26/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### પોલીસે સંચાલક-6 ગ્રાહકો સામે ગુનો નોંધ્યો

# હાંસોટના આમોદમાં ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

હાંસોટ તાલુકાના આમોદ ગામના પાટિયા પાસે આવલાં બજરંગ કરિયાણા સ્ટોર નામની દુકાનમાં ગેસની મોટી બોટલમાંથી નાની બોટલમાં ગેરકાયદે ગેસ ટ્રાન્સફર કરવાનું કૌભાંડ આચરવામાં આવી રહ્યું હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી.જેના પગલે ટીમે બજરંગ કરિયાણા સ્ટોર પર દરોડો પાડતાં દુકાન સંચાલક ગુમાન હરનાથ દેવાસી ગેસના મોટા બોટલમાંથી નાના ગેસના બોટલમાં ગેસ ભરતો ઝડપાયો હતો. ઉપરાંત ત્યાં નાના-મોટા ગેસના બોટલ ભરાવવા માટે આવેલાં 6 ગ્રાહકો સિકંદર નાનુ યાદવ, ભગતસિંહ રાજેશસિંહ, અભય સુખુ યાદવ, રાણાપ્રતાપ બેચન ચૌહાણ, અજય ભોલા તવારી, ગુડુ દશરથ ભુઈયાની પણ પોલીસે અટકાયત કરી હતી. ટીમે સ્થળ પરથી નાની-મોટી 13 ગેસની બોટલ, 1 ડિઝટલ વજનકાંટો, વાલ્વ સાથેની રિફિલીંગ પાઇપ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

### સમગ્ર રાજ્યમાં પોલીસ વિભાગને 165 ફરિયાદ મળી

# ભરૂચમાં મોબાઈલ ચોરીની પ્રથમ e-FIR નોંધાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં e-FIR ના લૉંચિંગ બાદ અત્યાર સુધીમાં માત્ર ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકે મોબાઈલ ચોરીની એક ફરીયાદ નોંધાઈ છે. લોકોમાં જાગૃતિ આવે તે માટેના પોલીસ દ્વારા વિવિધ પ્રયાસો હાથ ધરાઈ રહ્યાં છે.

કેન્દ્રીય ગૃહમંત્રીનાં હસ્તે તાજેતરમાં e-FIR નરું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં વાહન કે મોબાઈલ ચોરી જેવા કેસમાં લોકો જાતે જ ઘર બેઠાં ઓનલાઈન ફરિયાદ નોંધાવી શકે તેવી સુવિધા શરૂ કરવામાં આવી છે.

**DATE: 27/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# 80 હજારના દારૂની હેરાફેરી માટે 15 લાખની 2 કારનો ઉપયોગ : 3 પકડાયા

**કીમના** બે શખ્સો, ભરૂચનો એક શખ્સ વલસાડ પાર્સિંગની કારમાં દારૂની હેરાફેરી કરી રહ્યા હતા, નર્મદા બ્રિજ પર પકડાયા



ભરૂચ: ભરૂચ LCB પોલીસે નર્મદા બ્રિજ પરથી વલસાડ પાર્સિંગની કારમાં ત્રણ શખ્સોને દારૂ સહિત રૂ.૧૬.૦૮ લાખનો મુદ્દામાલ ઝડપી પાડી ત્રણ શખ્સોને વોન્ટેડ કર્યા છે.

ભરૂચ LCB પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી એ વેળા બાતમી મળી હતી કે "સફેદ કલરની બ્રેઝા ફોરવ્હીલર ગાડી નં-GJ-૧૫,CJ-૨૫૯૩ની વિદેશી દારૂ ભરીને અંકલેશ્વર બાજુથી નર્મદા બ્રિજ ઉપર થઈને ભરૂચ આવે છે. આ ગાડીનું પાયલોટીંગ એક મર્શડીસ ફોરવ્હીલ ગાડી નં-GJ-૦૧ KQ-૯૯૯૮ કરે છે. સમગ્ર ઘટનાથી નર્મદા બ્રિજ ઉપર વોચ ગોઠવી દીધી હતી. પોલીસે બાતમીવાળી બંને કારને પકડી હતા, પોલીસને કારમાંથી વિદેશી દારૂની 232 બોટલ કિંમત 80,400નો મુદ્દામાલ મળ્યો હતો. પોલીસે કાર સાથે દિવ્યેશ હરેશભાઈ કાલરીયા (ઉ.વ.૩૬) રહે-૯૯ શુભમ સોસાયટી, કીમ, તા.ઓલપાડ), રાજેન્દ્રભાઈ હીરાભાઈ મિસ્ત્રી,(ઉ.વ.૩૦) રહે-ફ્લેટ નં-૨૦૩, રુદ્રાક્ષ રેસિડન્સી, ભદ્રા હોસ્પિટલની પાછળ કીમ તા.ઓલપાડ) અને રોહન ઉર્ફે થીનો મનહરભાઈ ઠાકોર (ઉ.વ.૩૨, રહે- શિવકૃપા સોસાયટી જૂની મામલતદાર કચેરી સામે, ભરૂચ)ને ઝડપી લીધા હતા. પોલીસને અંગ જડતીમાં 12,410 રૂપિયા મળ્યા હતા. પોલીસે બંને કાર મળી રૂ.16 લાખથી વધુનો મુદામાલ ઝડપી પાડ્યો હતો. પોલીસે વિદેશી દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર જીગ્નેશ ઉર્ફે જીગો કિરીટભાઈ પરીખ (રહે- GIDC અંકલેશ્વર), પંકજ સોનવણે (રહે- નવાપુર, મહારાષ્ટ્ર) અને કિશન ચુડાસમા (રહે. વેજલપુર, ભરૂચ)ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

**DATE: 27/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### બોટાદમાં લઠ્ઠાકાંડ બાદ પોલીસની તવાઈ

# અંકલેશ્વરમાં મહિલા સહિત 8 બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

બોટાદમાં થયેલા લઠ્ઠાકાંડ બાદ સફાળા જાગેલા પોલીસ દ્વારા અંકલેશ્વર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ધમધમતી દેશી દારૂની હાટડીઓ પર દરોડા પાડ્યા હતા. અને એક મહિલા સહીત 8 બુટલેગરને ઝડપી પાડી જેલ ભેગા કર્યા હતા તેમજ દેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો.ગાંધીના ગુજરાતમાં દારૂબંધી કે પછી ઠેર ઠેર ધમધમતી દારૂની ભઠ્ઠી ઓ ના જીવંત પુરાવા મળ્યા હતા.

અમદાવાદ બોટાદ લઠ્ઠાકાંડ બાબતે સમગ્ર ગુજરાતમાં પોલીસમાં ફફડાટ ફેલાયો છે. અંકલેશ્વર શહેર પોલીસે અલગ અલગ વિસ્તારમાં રેડ કરી એક મહિલા સહિત આઠ જેટલા લોકોને દેશી દારૂ વેચતા બુટલેગર ને જેલભેગા કર્યા હતા. પોલીસ એ મધુ પાટણવાડીયા, અમૃત વસાવા, અનિલ વસાવા, બળવંત વસાવા, સતિષ વસાવા,અરૂણ વસાવા, માનસિંગ વસાવા, અશોક વસાવા ની દેશી દારૂ ના જથ્થા સાથે ધરપકડ કરી હતી. તેમજ પોલીસ સ્થળ પર થી દારૂ નો વોશ પણ જપ્ત કરી તેનો નાશ કર્યો હતો. બોટાદ લઠ્ઠાકાંડ બાદ પોલીસ જ્યારે એક્શનમાં આવી છે.

**DATE: 27/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચ જિલ્લામાં પોલીસે દેશીદારૂના 97, વિદેશીદારૂના 3 કેસ કર્યા

# બોટાદ લઠ્ઠાકાંડની ઘટના બાદ ભરૂચ પોલીસ સતર્ક : 24 કલાકમાં 100 કેસ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

બોટાદ જિલ્લાના બરવાળાના રોજિદ ગામે ઝેરી દારૂ પીવાથી 36 લોકોનાં મોત થયા છે. લઠ્ઠાકાંડની ઘટનાને લઈને ભરૂચ એસપી ડો. લીના પાટીલે ગઈકાલથી જ સ્પેશિયલ પ્રોહિબિશન ડ્રાઈવ શરૂ કરાવી છે. જેમાં જિલ્લામાં છેલ્લાં 24 કલાકમાં જ દેશી-વિદેશી દારૂના કુલ 100 કેસ કર્યાં છે.

બોટાદ લઠ્ઠાકાંડની ઘટનાને લઈને એસપી દ્વારા ગઈકાલથી પ્રોહિબિશનની સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી હતી. જેના પગલે છેલ્લાં 24 કલાકમાં જિલ્લાના તમામ પોલીસ મથકો દ્વારા દેશી-વિદેશી દારૂના કેસ કર્યાં હતાં. જેમાં જિલ્લામાં કુલ 97 દેશીદારૂના કેસ કરવામાં આવ્યાં હતાં. જેમાં કુલ 78 આરોપીઓને ઝડપી પડાયાં હતાં. જ્યારે 20 આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત બુટલેગરો પાસેથી 10 હજારનો દારૂનો જથ્થો મળી 37 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે વિદેશીદારૂના 3 કેસ નોંધાયાં હતાં. જેમાં 4 આરોપીઓની ધરપકડ થઈ હતી. જ્યારે 6 જણાને વોન્ટેડ જાહેર કરાયાં હતાં. પોલીસે તેમની પાસેથી કુલ 83 હજાર ઉપરાંતનો દારૂ મળી કુલ 17.78 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## બૂટલેગરો સામે કડક કાર્યવાહી ચાલી રહી છે

*જિલ્લામાં પ્રોહિબિશનના સતત કેસ કરવામાં આવી રહ્યાં છે. બોટાદની ઘટનાને લઈને જિલ્લાની પોલીસને વધુ સક્રિય કરી છે. સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરી છે. જિલ્લામાં દેશીદારૂ-તાડી બનાવતાં બુટલેગરો સામે કડક કાર્યવાહી કરવા સાથે કોઈ કેમિકલનો ઉપયોગ થયો છે કે કેમ તેની પણ તપાસ કરાશે.* » ડો. લીના પાટીલ, એસપી

**DATE: 28/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### અંકલેશ્વર પોલીસે 3 તસ્કરો સહિત ચાર આરોપીની ધરપકડ કરી

# એસીના આઉટડોર યુનિટમાંથી કોપરની ચોરી કરતી ટોળકી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન, વાલિયા ચોકડી પાસે આવેલા આશીર્વાદ હોટલની સામે ત્રણ શખ્સો કોપર પાઈપના ટુકડાનો ભંગાર વેચાણ કરવા માટે ફરી રહ્યા હોવાની મળેલી માહિતી ના આધારે ત્રણ શખ્સોને ઝડપી પાડયા હતા. ત્રણેય ની પૂછપરછ કરતા તેઓ કિશા રાધેશ્યામ ગોડ ,અંકુશ દીલીપભાઈ જૈન અને રાજુ નરબહાદુર થાપા હોવાનું જણાવ્યું હતું શહેર પોલીસે થેલા માં તપાસ કરતા કોપર નો મોટો જથ્થો મળી આવ્યો હતો પોલીસે વધુ પૂછપરછ કરતા તેઓ એ કોર્ટ તરફ જવાના રોડ ઉપર આવેલી રોશની પ્લાઝા કોમ્પલેક્ષ માં બેંક તથા જુદી જુદી ફાઈનાન્સ ની ઓફિસ મળી 28 જેટલા એ.સી. આઉટડોરના કોપર પાઈપોની ચોરી કરી તેના નાના-નાના ટુકડા કરી થોડાક કોપર પાઈપના ટુકડા પ્રતિન ચોકડી પાસેના હોરીઝોન હોટલની બાજુમાં આવેલા રામચંદ્ર ગુપ્તા ભંગારીયા વેચ્યા હતા. જ્યારે બાકીના કોપર પાઈપના ટુકડા બીજા કોઈ ભંગારીયાને વેચાણ કરવા માટે ફરતા હોવાનું જણાવ્યું હતું શહેર પોલીસે ભંગારીયા રામચંદ્ર ગુપ્તા ની પણ ધરપકડ કરી રૂપિયા 2880 ના એ.સી આઉટરના કોપર પાઈપ નો જથ્થો કબ્જે કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



કોપર ચોરીના કેસમાં પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી છે.

**DATE: 28/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# એલસીબીએ દધેડા ગામે કેમિકલથી દારૂ બનાવતા બૂટલેગરને ઝડપી પાડ્યો

ઝઘડિયા | ઝઘડિયા તાલુકાના દધેડા ગામેથી ગઈકાલે એલસીબીએ મુળ આંધ્રપ્રદેશનો અને હાલ દધેડા ગામે રહેતો પુટ્ટા સૈયદુલુ પુટ્ટા વેન્કટયાને હાથ બનાવટની નુકશાનકારક તાડી બનાવતો ઝડપી લીધો હતો. ઝડપાયેલો આરોપી તાડી બનાવવા સેકરીન સાઈટ્રીક એસિડ મોનોહાઈટ્રેટ, ચુનો, સફેદ પાવડર, લીંબુફુલ તેમજ અન્ય એક પીળો પદાર્થ, પાણી મિશ્રણ કરીને પીવાની નુકશાનકારક તાડી બનાવતો હોવાનું તપાસમાં માલુમ પડ્યું હતું.

**DATE: 28/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## જિલ્લાની સાત જીઆઇડીસીમાં 2,000 કરતાં વધારે ઉદ્યોગો : મિથેનોલના જથ્થાનો હિસાબ રાખવા સંચાલકોને સૂચના

# મિથેનોલ વપરાશકર્તા 350 યુનિટ પર પોલીસ તંત્રની નજર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

બોટાદમાં થયેલાં લઠ્ઠાકાંડ બાદ મિથેનોલ નામનું કેમિકલ ચર્ચાની એરણે ચઢ્યું છે. એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત ધરાવતાં ભરૂચ જિલ્લામાં મિથેનોલનો વપરાશ કરતાં 350 જેટલા યુનિટ અને ધંધો ઉપર પોલીસ નજર રાખી રહી છે.

દારૂબંધી ધરાવતાં ગુજરાતમાં જ બોટાદમાં લઠ્ઠાકાંડ થયો છે. દેશી દારૂના બુટલેગરોએ નશેબાજોને દારૂના બદલે સીધું કેમિકલ પીવડાવી દેતા તેમના ટપોટપ મોત થયાં હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. અમદાવાદની એક કંપનીમાંથી મિથેનોલનો જથ્થો બુટલેગરો સુધી પહોંચાડવામાં આવતાં આ લઠ્ઠાકાંડ થયો હોવાનું તારણ સામે આવ્યું છે. એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત ધરાવતાં ભરૂચ જિલ્લામાં કેમિકલનું ઉત્પાદન કરતાં અનેક કારખાનાઓ આવેલાં છે ત્યારે પોલીસ સતર્ક બની છે.

ભરૂચ, અંકલેશ્વર, પાનોલી, દહેજ અને ઝઘડીયા જીઆઇડીસીમાં ભરૂચ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે એવા 350 જેટલા યુનિટ અને ધંધા શોધી નાખ્યા છે કે જેમાં મિથેનોલનો વપરાશ થાય છે. એસઓજીના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભરૂચમાં મિથેનોલનું ઉત્પાદન કરતી ફેક્ટરીઓ નહિવત છે પણ તેનો વપરાશ કરતી કંપનીઓ વધારે છે. મિથેનોલનો વપરાશ કરતી કંપનીઓને મિથેનોલના જથ્થાનો હિસાબ રાખવા માટે તાકીદ કરવામાં આવી છે. ભરૂચ જિલ્લાની કંપનીઓ તેમની જરૂરીયાત પ્રમાણે મિથેનોલ મંગાવતી હોય છે.

### મિથેનોલની ઉત્પાદક કંપનીઓ કરતાં વપરાશકાર કંપનીઓની સંખ્યા વધારે



### અંકલેશ્વરમાંથી ડ્રગ્સની ફેક્ટરીઓ ઝડપાઇ ચૂકી છે

અંકલેશ્વર અને પાનોલી જીઆઇડીસીમાંથી અગાઉ ડ્રગ્સનું ઉત્પાદન કરતી ફેક્ટરીઓ ઝડપાય ચુકી છે. ડ્રગ્સ માફીયાઓએ ઇન્ડસ્ટ્રીયલ શેડ ભાડે રાખી તેમાં જ નશાકારક દવાઓનું ઉત્પાદન શરૂ કરી દીધું હતું. નશાકારક દવાઓ બનાવવા માટેનું કેમિકલ સરળતાથી મળી રહેતું હોવાથી ડ્રગ્સ માફીયાઓએ આ રસ્તો અપનાવ્યો હતો. બંને જીઆઇડીસીમાં અનેક વખત નાર્કોટીક્સ બ્યુરોની ટીમ દરોડા પાડી ચુકી છે.

### કંપનીઓએ સ્ટોકની વિગતો રાખવી પડશે

ભરૂચમાં મિથેનોલનો વપરાશ કરતા 350થી વધારે યુનિટ અને ધંધા હોવાનું જાણવા મળ્યું છે. મિથેનોલનું વેચાણ તથા સંગ્રહ કરતા યુનિટ અને ધંધાના સંચાલકોને જથ્થાની માહિતી રાખવા સૂચના આપી છે. પોલીસ ગમે ત્યારે સરપ્રાઇઝ ચેકિંગ કરશે અને કોઇ ક્ષતિ જણાશે તો કાર્યવાહી કરવામાં આવશે. મિથેનોલનો દુરૂપયોગ રોકવા પુરતી તકેદારી રાખી રહ્યાં છે. - ડૉ. લીના પાટીલ, એસપી, ભરૂચ

### બૂટલેગરોનો નવો કીમિયો જીવલેણ સાબિત થયો

રાજ્યમાં પોલીસે દેશી દારૂની ભઠ્ઠીઓ બંધ કરાવતાં બુટલેગરોએ નવો કિમિયો અજમાવ્યો હતો. દેશી દારૂના નામે ઝેરી કેમિકલ નશેબાજોને આપી રોકડી કરી લેવાનો રસ્તો બુટલેગરોએ અપનાવ્યો હતો જે જીવલેણ સાબિત થયો છે.

### મિથેનોલની ચોરી રોકવી પોલીસ માટે પડકાર

મિથેનોલ કેમિકલનું બાષ્પીભવન થતું હોવાથી તેની તસ્કરી માટેનું મોકળું મેદાન મળી રહેતું હોવાનું જાણકારો જણાવી રહ્યાં છે. મિથેનોલનો જથ્થો ચેક કરાવવો પોલીસ માટે એક પડકાર બન્યો છે. હાલ તો પોલીસ આ બાબત પર ઝીણવટભરી નજર રાખી રહી છે. મિથેનોલના સ્ટોક બાબતે ગેરરીતી ન થાય તે માટે તજજ્ઞોની મદદ પણ લેવામાં આવશે.

### કેમિકલનું વહન કરતા ટેન્કરો ઉપર વોચ રખાશે

ભરૂચ જિલ્લામાં આવેલી જીઆઇડીસીના ઉદ્યોગો અનેક પ્રકારના કેમિકલનું ઉત્પાદન કરતાં હોય છે. કિંમતી કેમિકલને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જતી વેળા ડ્રાયવરોની મિલિ ભગતથી કેમિકલ ચોરીનું કૌભાંડ ચાલતું હોય છે. બોટાદના લઠ્ઠાકાંડમાં મિથેનોલ નામનું કેમિકલ જવાબદાર હોવાથી હવે મિથેનોલનું વહન કરતાં ટેન્કરો અને વાહનો પણ પોલીસની રડારમાં આવ્યાં છે.

**DATE: 28/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

બોટાદ લઠ્ઠાકાંડ બાદ પોલીસની કાર્યવાહી

# ભરૂચ જિલ્લામાં દારૂની ભઠ્ઠીઓનો નાશ કરાયો



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

બોટાદ ખાતે સર્જાયેલાં લઠ્ઠાકાંડમાં અત્યાર સુધીમાં 57 લોકોએ કેમિકલયુક્ત દેશીદારૂ પીવાથી મોતને ભેટ્યા છે. જેના પગલે ભરૂચ જિલ્લામાં પણ પોલીસ તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. એસપી ડો. લીના પાટીલ દ્વારા ખાસ પ્રોહિબિશન ડ્રાઇવ શરૂ કરાવવામાં આવી છે. જેમાં જિલ્લાના દરેક ગ્રામ્ય વિસ્તારમાં ચાલતાં દેશીદારૂના વેપલા પર પોલીસે તવાઇ બોલાવી છે. ઉપરાંત દેશીદારૂની ભઠ્ઠીઓ તોડવાની પણ કાર્યવાહી પોલીસે શરૂ કરી દીધી છે. ત્યારે પોલીસ દ્વારા છેલ્લાં 24 કલાકમાં 135થી વધુ કેસ કરવામાં આવ્યાં છે.

બોટાદની ઘટનાનું ભરૂચમાં પુનરાવર્તન થવાનો ભય લોકોમાં છે. ત્યારે પોલીસે જિલ્લામાં સંપુર્ણ દારૂબંધી માટેના પ્રયાસ શરૂ કરી દેવામાં આવ્યાં છે. બોટાદના લઠ્ઠાકાંડમાં 57 લોકોએ જીવ ગુમાવ્યાં છે. જેના પગલે ભરૂચ જિલ્લા પોલીસ પણ તુરંત હરકતમાં આવી ગઇ છે. જેના ભાગરૂપે એસપી ડો. લીના પાટીલ દ્વારા જિલ્લાના તમામ પોલીસ મથકોને તાકિદે સૂચના આપી પ્રોહિબિશન ડ્રાઇવ કરવા જણાવી દેવાયું છે. જેના પગલે ભરૂચ જિલ્લામાં પોલીસે દરેક ગામડાઓમાં દારૂની ભઠ્ઠીઓનું ચેકિંગ શરૂ કરી દેવાયું છે. ઉપરાંત દેશીદારૂનો વેપલો કરનારાઓ વિરૂદ્ધ પણ કાર્યવાહી શરૂ કરી છે. જિલ્લા પોલીસે છેલ્લાં 24 કલાકમાં જ 135થી વધુ કેસ કરી 142 બુટલેગર વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે. જે પૈકીના 108 ઝડપાઇ ગયાં છે. જ્યારે 34 બુટલેગરોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યાં છે.

**DATE: 28/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### 1.50 લાખના મુદ્દામાલ સાથે 3ની અટકાયત

# બાકરોલ પાસેથી 200 કિલો ભંગાર ભરેલો ટેમ્પો જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર માંથી પસાર થતા બાકરોલ બ્રિજ પાસે 200 કિલો શંકાસ્પદ ભંગાર સાથે ટેમ્પો ઝડપાયો જવા પામ્યો હતો. પોલીસે 3 ઈસમની અટકાયત કરી હતી. 6000 રૂપિયા નો લોખંડ નો જથ્થો તેમજ ટેમ્પો મળી 1.50 મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અંકલેશ્વર તાલુકા પોલીસ ની ટીમ પાનોલી વિસ્તાર માં પેટ્રોલિંગ માં હતી તે દરમિયાન માહિતી મળી હતી કે શંકાસ્પદ ભંગાર ભરેલો ટેમ્પો બાકરોલ બ્રિજ પાસે થી પસાર થઈ રહ્યો છે જે આધારે બાકરોલ બ્રિજ પાસે વોચ ગોઠવી હતી જે દરમિયાન શંકાસ્પદ ટેમ્પો આવતા પોલીસે તેને અટકાવ્યો હતો તેમાં ની તલાસી તેમાં ભંગાર નો અંદાજિત 200 કિલો જથ્થો જોવા મળ્યો હતો જે આધારે ટેમ્પા માં બેસેલા ઈસમો ની પૂછપરછ કરી જથ્થા અંગે જરૂરી આધાર પુરાવા માગતા ત્રણે ઈસમો ગલ્લા-ટલ્લા કરવા લાગ્યા હતા જે આધારે પોલીસે ટેમ્પા માં બેસેલા ચાલાક ભૈરુસિંગ ઉર્ફે વીરુ લક્ષ્મણસિંહ રાજપૂત, માનસ અજિત જાના અને કિશાનભલા બારીયા ની સી.આર.પી.સી 102 મુજબ અટક કરી હતી.

**DATE: 29/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં શંકાસ્પદ બાઈક સાથે એક ઝડપાયો

અંકલેશ્વર | અંકલેશ્વર શહેર પોલીસ ની ટીમ અંકલેશ્વર પ્રતિન ચોકડી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે સિલ્વર પ્લાઝા કોમ્પ્લેક્ષ નજીક ઝૂંપડપટ્ટી માં રહેતા ભાવેશ ભીખા પરમાર પાસે ચોરી ની બાઈક છે. જે આધારે પોલીસે એ ચેકિંગ હાથ ધરાતા ભાવેશ ભીખા પરમાર ને પોલીસે ઝડપી પાડ્યો હતો તેની પાસે રહેલ હોન્ડા સાઈન ગાડી અંગે પૂછપરછ કરતા તેની અટક કરી હતી તેમજ તેની પાસે રહેલ 30 હજારની કિંમતની મોટર સાઈકલ જપ્ત કરી CRPC41(1) ડી મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**DATE: 29/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસે કુલ 5.75 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# અંકલેશ્વરમાં કારમાં દારૂ સાથે બે યુવાનો ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઇડીસી માં જલધારા ચોકડી નજીક મૌર્ય રેસિડન્સી પાસેથી જીઆઇડીસી પોલીસ સ્વિફ્ટ કારમાં વિદેશી દારૂના જથ્થા સાથે બે ઈસમોની ધરપકડ કરી હતી, જ્યારે નંદુરબાર ના શખ્સને વોન્ટેડ જાહેર કર્યો હતો તેમજ વિદેશી દારૂ, કાર અને મોબાઈલ ફોન મળીને કુલ રૂપિયા 5.75 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

બનાવની વિગતો અનુસાર અંકલેશ્વર જીઆઇડીસી પોલીસને મળેલી માહિતી ના આધારે જલધારા ચોકડી પાસે મૌર્ય રેસિડન્સી પાસે વોચ ગોઠવી એક શંકાસ્પદ મારુતિ સ્વીફ્ટ કાર માંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જીઆઇડીસી પોલીસ કારમાં સવાર ભરૂચના વડદલા ગામ ની સરિતા રેસીડિન્સી માં રહેતા દિવ્યેશ દિલીપભાઈ કાનાણી અને



અંકલેશ્વર જીઆઇડીસીમાં જલધારા ચોકડી પાસે અક્ષર રેસીડિન્સી માં રહે મૌલિક માધુભાઈ ઉજીયાની ધરપકડ કરી હતી. રૂપિયા 54 .હજાર ઉપરાંત ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો તેમજ 5 લાખ ની સ્વીફ્ટ કાર તથા 20 હજાર ના 3 નંગ મોબાઈલ મળી કુલ રૂપિયા 5 લાખ 75 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસની વધુ તપાસમાં મહારાષ્ટ્રના નંદુરબાર ના સંદીપ સુધાકર નામ ના શખ્સ નું નામ પણ બહાર આવ્યું હતું, જેને પોલીસે વોન્ટેડ જાહેર કરી ગુન્હો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

**DATE: 29/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### LCBએ 4.12 લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

# વાલિયાના મેરા ગામેથી કુખ્યાત બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | વાલિયા

ભરૂચ એલસીબીના પીઆઈ કે.ડી. મંડોરાએ વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરોની માહિતી મેળવી ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચની અલગ અલગ ટીમો બનાવી સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવેલ હતા . દરમ્યાન મોડી રાત્રે ભરૂચ એલ.સી. બી.ની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે હ્યુમન ઈન્ટેલિજન્સથી બાતમી મળેલ રમેશ વસાવા રહે મેરા ગામ લીમડા ફળીયાનાએ અશોક લેલેન્ડ દોસ્ત લોડીંગ ટેમ્પો નંબર GJ 05 BZ 8541 માં પ્રતીબંધીત ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી પોતાના ઘર પાસે સંતાડી રાખેલ છે આથી એલ.સી.બીની ટીમે મેરા ગામે લીમડા ફળીયામાં પ્રોહી અંગે રેડ કરી વિદેશી દારૂની નાની - મોટી બોટલ / બીયર ટીન નંગ 2976 જેની કિંમત 4.12 લાખ અને અશોક લેલેન્ડ દોસ્ત લોડીંગ ટેમ્પો 5 લાખ મળી 9.12 લાખના કુલ મુદ્દામાલ સાથે રમેશ માધવ વસાવાને ઝડપી પાડી તેની વિરુધ્ધ પ્રોહી એક્ટની કલમો મુજબ કાર્યવાહી કરી અન્ય બે હર્ષદ રહે. ડોલવાણ , બારડોલી અને અલ્પેશ રમેશ વસાવાને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી વાલીયા પોલીસને સોંપવામાં આવી હતી.

**DATE: 29/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## અંક્લેશ્વર રેલવે સ્ટેશન ખાતે બનેલી ઘટના

# ટ્રેનમાં ચઢતી વેળા મુસાફરોનું પાકિટ ચોરતી મહિલા ઝડપાઇ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

અંક્લેશ્વરના જૂના દિવા ગામે રહેતં અને ગણેશ શુગર ફક્ટરીમાં કામ કરતાં મહંમદ હનિફ ઈસ્માઈલ બબાતની પુત્રીને હૈદરાબાદ જવાનું હોઈ તેનું સિકંદરાબાદ એક્સપ્રેસ ટ્રેનમાં રિઝર્વેશન કરાવ્યું હતું. પુત્રીન સામાન વધુ હોઈ તેઓ રેલવે સ્ટેશને તેમની પુત્રીને મુકવા આવ્યાં હતાં. તેમની ટ્રેન આવતાં તેઓ સામાન લઈને ટ્રેનમાં ચઢતાં એક મહિલા નાના બાળક સાથે ધક્કો મારીને ટ્રેનમાં ચઢી આ ટ્રેન કોસંબા જાય છે કે નહીં આ મેમુ ટ્રેન છે તેમ પુછપરછ કરતી હતી. જોકે મહંમદ હનીફ બબાત તેમની પુત્રીનો સામાન તેની સીટ પાસે ગોઠવી ટ્રેનમાંથી ઉતરી રહ્યાં હતાં. અરસામાં કોઈ કામ અર્થે તેમનો હાથ તેમના પર્સના ખીસ્સામાં નાખતાં પર્સ જણાયું ન હતું. તેમણે તુરંત ટ્રેનમાં પરત ચઢી તપાસ કરતાં પર્સ મળ્યું ન હતું . ટ્રેન ચાલુ થતાં તેઓ ટ્રેનમાંથી નીચે ઉતરી ગયાં હતાં. તેમની પાછળ તે મહિલા પણ ઉતરી હતી. મહિલાએ તેમનું પર્સ ચોરી કર્યું હોવાની શંકા જતાં તેમણે પોલીસની મદદથી મહિલાનું ચેકિંગ કરતાં તેની પાસેથી તેમનું પર્સ મળી આવ્યું હતું. પ્રાથમિક પુછપરછમાં મહિલાનું નામ શિતલ બાદલ ખન્ડારે હોવાનું માલુમ પડ્યું હતું.

**DATE: 30/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### શક્તિનાથ શાકમાર્કેટ પાસેથી પોલીસે દબચ્યો

# એક્ટિવા પર દારૂ વેચવા માટે નીકળેલાં 2 બૂટલેગરો ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના શક્તિનાથ શાકમાર્કેટ પાસેથી એ ડિવિઝન પોલીસની ટીમે એક્ટિવા પર દારૂનો વેપલો કરવા નિકળેલાં બે બુટલેગરોને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે આરોપીઓની એક્ટિવાના આગળના ભાગે મુકેલાં થેલામાંથી વિદેશદારૂની 12 બોટલો ઝડપી પાડી હતી. ટીમે વિદેશીદારૂ તેમજ એક્ટિવા મળી કુલ 36 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ એ ડિવિઝન પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, એક ગ્રે કલરની એક્ટિવ પર વિદેશીદારૂ લઈને બે શખ્સો શક્તિનાથ શાકમાર્કેટ પાસેથી પસાર થવાના છે. જેના પગલે તેમણે તુરંત એક્શનમાં આવી શક્તિનાથ શાકમાર્કેટ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં ચોક્કસ બાતમીવાળી એક્ટિવા ત્યાં આવતાં ટીમે તેને અટકાવી હતી. એક્ટિવા ચાલકનું નામ પુછતાં તેનું નામ પરેશ રમેશ કાયસ્થ (રહે. નવાડેરા, ચંદનચોક) હોવાનું જ્યારે પાછળ બેસેલાં શખ્સનું નામ હાર્દિક ઉર્ફે જોન રમેશ ટેલર(રહે. એકતા નગર, જૂની મામલતદાર રોડ) હોવાનું માલુમ પડ્યુ હતું. ટીમે તપાસ કરતાં તેની એક્ટિવાના આગળની સાઈડે એક મિણીયો થેલો હોઈ તે તપાસતાં તેમાંથી સિગ્રામ્સ માસ્ટર બ્લેન્ડ સિલેક્ટ વિસ્કીની 12 બોટલો મળી આવી હતી. પોલીસે 6 હજાર ઉપરાંતનો દારૂ તેમજ એક્ટિવા મળી કુલ 36 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી બન્ને બુટલેગરો વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 30/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# દઢાલ ગામેથી 61 હજાર ઉપરાંતનો દારૂ ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

દઢાલ ગામેથી પોલીસે 61 હજાર ઉપરાંતનો ઈંગ્લીશ દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે 2 મહિલા સહીત 3 વ્યક્તિ સામે ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી હતી.

અંકલેશ્વર તાલુકા પોલીસ દ્વારા દઢાલ ગામ ખાતે નવી નગરી માં રહેતા અબ્દુલકાદર ઈબ્રાહીમ શાહ ને ત્યાં દરોડા પાડ્યા હતા. ચોક્કસ માહિતી આધારે પાડેલા દરોડામાં ઘર માં સર્ચ કરતા ઈંગ્લીશ દારૂ ની નાની મોટી અલગ અલગ બ્રાન્ડ ની બોટલ અને બિયર ની કુલ 299 બોટલ મળી આવી હતી. પોલીસે સ્થળ પર થી સુશીલા વસાવા અને ધરપકડ કરી હતી જ્યારે કુખ્યાત બુટલેગર અબ્દુલ કાદર ઈબ્રાહીમ શાહ ને કુખ્યાત બુટલેગર સતીષ ઉર્ફે ગાંડો વસાવા ની પત્ની રેખા ને પણ વોન્ટેડ જાહેર કરી તેની ધરપકડ માટે ના ચક્રો ગતિમાન કર્યા હતા.

**DATE: 30/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### વિધાનસભાની ચૂંટણી માટે વહીવટીતંત્રે તૈયારીઓ શરૂ કરી

# ગ્રાઉન્ડ લેવલથી કામ શરૂ કરવા અધિકારીઓને કલેક્ટરની તાકીદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીના વાગી રહેલાં પડઘમ વચ્ચે રાજકીય પક્ષોની સાથે હવે વહીવટીતંત્ર પણ તૈયારીઓમાં લાગી ગયું છે. ભરૂચમાં કલેક્ટરના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં કલેક્ટરે પોલીસ અધિકારીઓને આગામી ચુંટણી તેમજ તહેવારોને અનુલક્ષી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે અત્યારથી જ ગ્રાઉન્ડ લેવલની કામગીરી શરૂ કરી દેવા માટે સુચના આપી છે.

ગુજરાતમાં વિધાનસભાની ચુંટણી પહેલાં રાજકીય માહોલ ગરમાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાતની મુલાકાતો વધી છે. ભાજપ ચુંટણીનો માહોલ તૈયાર કરી રહયો છે તો વિપક્ષો ભાજપને પછાડવાની રણનિતિ ઘડી રહયાં છે. આ બધાની વચ્ચે વહીવટીતંત્રએ પણ ચુંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભરૂચ કલેક્ટર ડો. તુષાર સુમેરાના અધ્યક્ષસ્થાને કાયદો અને વ્યવસ્થા અંગેની બેઠક મળી હતી. જેમાં કલેક્ટરે જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં તહેવારો તથા લોકશાહીનો મહાપર્વ એવા ચૂંટણીનો અગત્યનો સમયગાળો આવી રહયો છે ત્યારે આ સમયમાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે ગ્રાઉન્ડ લેવલની તૈયારી અત્યારથી જ શરૂ કરી દેવી જોઇએ. વધુમાં પ્રોહિબિશન, જુગાર અનેવ્યાજખોરીને ડામવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનુ આયોજન કરીને આ પ્રકારના ગુન્હાઓમાં કડકાઈથી પગલાં ભરવાની કલેક્ટરે સુચના આપી હતી. તે ઉપરાંત જિલ્લામાં થયેલા ગંભીર બનાવોની સમીક્ષા કરી હતી. તેમજ ગ્રાઉન્ડ લેવલે લોકો સાથે લોકસંવાદ કે બેઠકવગેરેનું આયોજન કરીને લોકોના પ્રશ્નો જાણવા પ્રયત્ન કરવા ખાસ સુચના અપાઈ છે. બેઠકમાં એસપી ડો. લીના પાટીલ, નિવાસી કલેક્ટર જે.ડી.પટેલ સહિતના અધિકારીઓ હાજર રહયાં હતાં.